ગુજરાતમિત્ર

રવિવારીય પૂર્તિ

રવિવાર ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫

# ‘ધુરંધર’માં ધૂંધળું શું? : જ્યારે સિનેમા માત્ર ઈતિહાસ નહીં પણ ભૂગોળ બદલે ત્યારે...

બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

બોલિવૂડે હંમેશા ઈતિહાસ અને ભૌગોલિક રાજનીતિ (Geopolitics) સાથે છૂટછાટો લીધી છે. પરંતુ આદિત્ય ધરની રણવીર સિંહ અભિનીત ગ્લોસી જાસૂસી થ્રિલર ફિલ્મ જે ઢાંસુ રીતે થિયેટરમાં ગાજી રહી છે તેવી ધુરંધરના મામલે એક ગંભીર અને પેચીદો પ્રશ્ન ખડો થયો છેઃ જ્યારે મનોરંજન માત્ર બનાવોને નાટ્યાત્મક રીતે રજૂ કરવાને બદલે જાહેર જનતાની સ્મૃતિ (public memory) ને જ બદલવાનું શરૂ કરે ત્યારે શું થાય?

આ ફિલ્મ 5 ડિસેમ્બરે રિલીઝ થઈ અને થિયેટરો હાઉસફુલ રહ્યા છે. પરંતુ બોક્સ ઓફિસનાં આંકડા કરતા વધુ મહત્વની છે લોકોની પ્રતિક્રિયા. ખાસ કરીને એવા લોકોની જેઓ આ ફિલ્મમાં દર્શાવવામાં આવેલા વાસ્તવિક સ્થળો, વાસ્તવિક રાજકારણ અને વાસ્તવિક દુર્ઘટનાઓથી પરિચિત છે.

સૌથી આકરી ટીકા ધ ઈન્ડિયન એક્સપ્રેસમાં આવી, જેમાં દલીલ કરાઈ કે આ ફિલ્મ “સંકુચિત અને કટ્ટરવાદી દ્રષ્ટિકોણ” (bigoted vision) ધરાવે છે અને પ્રેક્ષકોને તેની વિચારધારા સ્વીકારવા માટે માનસિક રીતે ભ્રમિત (gaslighting) કરે છે. પરંતુ સોશ્યલ મીડિયામા ઉઠેલા અવાજો પણ એટલા જ મહત્વપૂર્ણ છે. ફિલ્મમાં ખાસ કરીને કરાચીના લ્યારી (Lyari) વિસ્તારની વાત છે. ત્યાંના લોકો પાસે પણ સોશ્યલ મીડિયા છે જ અને એ લોકો સવાલ કરે છે કે, ‘જે જગ્યાનો ઈતિહાસ જટિલ હોય, તેવા વાસ્તવિક સ્થળને માત્ર એક ભદ્દી મજાક બનાવીને કેમ રજૂ કરવામાં આવ્યું છે?’

અહીં સમસ્યા માત્ર પ્રોપેગન્ડાની નથી. બોલિવૂડ દાયકાઓથી દેશભક્તિવાળી ફિલ્મો બનાવી રહ્યું છે. અત્યારે જે સામે આવી રહ્યું છે તે કંઈક અલગ અને વધુ ચિંતાજનક છેઃ રાષ્ટ્રીય સત્ય તરીકે માર્કેટિંગ કરવામાં આવતી કાલ્પનિક કથાઓમાં વાસ્તવિક ભૂગોળ અને વાસ્તવિક આઘાતજનક ઘટનાઓની ભેળવી તેનો મલાજો રાખવામાં નિષ્ફળ જવું..

સોશ્યલ મીડિયા પર કરાચીના એક રહેવાસીએ ચોટદાર નક્કર તથ્યો સાથે ટીકા કરી છે. તે પોતે લ્યારીની નજીક રહે છે. ફિલ્મમાં આ વિસ્તારને પાકિસ્તાનના આતંકવાદી નેટવર્ક પર પ્રભાવ અને નિયંત્રણ ધરાવતા કેન્દ્ર તરીકે દર્શાવવામાં આવ્યો છે. તેમનો મુખ્ય મુદ્દો છે ફિલ્મમાં જેવું લ્યારી બતાવ્યું છે તેવું તો તે છે જ નહીં. લ્યારીનો વિસ્તાર આશરે 6 ચોરસ કિલોમીટર છે; જ્યારે ગ્રેટર કરાચી 3,500 ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. એટલે કે લ્યારી શહેરની ભૌગોલિક સ્થિતિનો આશરે 0.17% જેટલો હિસ્સો છે. તેને “કરાચીને નિયંત્રિત કરતું પાવર સેન્ટર” ગણાવવું એ એટલું જ હાસ્યાસ્પદ છે જેટલો એવો દાવો કરવો હાંસી ભર્યું છે કે જે ધારાવી પર રાજ કરે, તે આખા મુંબઈ પર રાજ કરે. નાટ્યાત્મક અસર ઉભી કરવા માટે આ ફિલ્મ એક વિશાળ અને જટિલ મહાનગરને એક નાનકડા ‘સ્લમ’ ના માળખામાં ગોઠવી દે છે.

પરંતુ વધુ ગંભીર મુદ્દો ઐતિહાસિક ચેડાંનો છે. લ્યારીના ગેંગ વોરમાં રહેમાન ડકેત અને ઉઝેર બલોચ જેવા નામો સામેલ હતા. તેઓ ડ્રગ્સ, ખંડણી, સ્થાનિક રાજકારણના સમર્થનથી ઘડાયા હતા. પીપલ્સ અમન કમિટી- જે એક સામાજિક સંસ્થાના ઓઠા હેઠળ ચાલતું મિલિટન્ટ સંગઠન હતું. ઉઝેર બલોચનો ઉદય અને અરશદ પપ્પુ સાથેની દુશ્મનાવટ વગેરે સ્થાનિક શહેરી ગુનાખોરી અને રાજકીય બાહુબળનો વિષય છે, સરહદ પારના આતંકવાદી ઓપરેશનનો નહીં.

લ્યારીની ગુનાહિત અને રાજકીય ગાથા પર વિગતવાર અહેવાલો ઉપલબ્ધ છે. લ્યારીની ગેંગને 26/11 ના મુંબઈ હુમલાના ઓપરેશનલ પ્લાનિંગ સાથે જોડતા કોઈ પુરાવા નથી. જો કે મેકર્સે આ બધું જાહેર નથી કર્યું એવી વાત પણ અમુક મીડિયા રિપોર્ટ્સમાં કરી છે. છતાંય લ્યારીને બિનજરૂરી રીતે મહત્વપૂર્ણ બનાવી દેવામાં આવ્યું છે. પાકિસ્તાનના પોષાતા માથાભારે તત્ત્વો માત્ર એક સ્થળ સાથે જોડાયેલા નથી. ધુરંધરનો પાયો આ લિંક પર જ રચે છે, સ્થાનિક ગુનાખોરીને આંતરરાષ્ટ્રીય આતંકવાદ સાથે જોડીને એક કાલ્પનિક વાર્તા કહે છે અને તે બંને વચ્ચેના વિશાળ તફાવતને સ્વીકારવાનું ચૂકી જાય છે.

ભારત પાસે ૨૬/૧૧ પર આધારિત એક વાસ્તવિક પોલિટિકલ થ્રિલર બનાવવા માટે પૂરતી દસ્તાવેજી સામગ્રી છે. લશ્કર-એ-તૈયબાના ટ્રેનિંગ કેમ્પ, દરિયાઈ ઘૂસણખોરીનો માર્ગ, ડેવિડ હેડલીની રેકી, અને ગુપ્તચર તંત્રની નિષ્ફળતાઓ જેવી બાબતો છે અને તેમાં કોઈ બનાવટી ઉમેરાની જરૂર નથી. તેમાં પૂરતું નાટ્ય તત્ત્વ છે પરંતુ ધુરંધર બરાબર આ જ ‘ઉમેરો’ કરે છે. તે સિનેમેટિક પસંદગી હોઈ શકે છે, પરંતુ તેના પરિણામો ગંભીર છે.

જ્યારે પ્રેક્ષકો વારંવાર વાસ્તવિક ઘટનાઓના સરળ અથવા ઉપજાવી કાઢેલા વર્ણન જુએ છે, ત્યારે આ કાલ્પનિક કથાઓ વાસ્તવિકતાનું સ્થાન લેવાનું શરૂ કરે છે. અને રાષ્ટ્રીય કરૂણાંતિકાઓ માત્ર વાર્તા કહેવાની સગવડનો કાચો માલ બની જાય છે. એ પણ નોંધવું જોઈએ કે આ કાલ્પનિક કથા પાસે ડોક્યુમેન્ટરી જેવી ચોકસાઈની માંગણી નથી. આ એ સમજવાની વાત છે તેમાં બાબત જે રીતે દર્શાવવામાં આવે તે લોકોની ભાવનાત્મક સ્મૃતિનો ભાગ બની જાય છે, ભલે તે તથ્યની દ્રષ્ટિએ ખોટું હોય.

જ્યારે કોઈ ફિલ્મ વાસ્તવિક શહેરોને માત્ર ક્લિશે (clichs) માં ફેરવી નાખે છે, ત્યારે નુકસાન માત્ર સર્જનાત્મક નથી હોતું. તે ભૌગોલિક રાજકીય (Geo political) બની જાય છે.

લોકો તેમાંથી તે રાષ્ટ્રીય સુરક્ષાના ખોટા પાઠ ભણે છે. પ્રેક્ષકો આતંકવાદ કેવી રીતે કામ કરે છે તેના ખોટા મોડલ માની લેશે, તો તેઓ એ નબળાઈઓને સમજવામાં નિષ્ફળ જશે જે ખરેખર મહત્વની છે. જ્યારે ફિલ્મો નાટ્યાત્મક અસર માટે આ મર્યાદા તોડે છે, ત્યારે જોખમ એ છે કે ભવિષ્યના દર્શકોને ખબર નહીં હોય કે કોના પર વિશ્વાસ કરવો. આ ફિલ્મ કરતા ઘણી મોટી સમસ્યા છે.

આવું કામ દુશ્મનોને એક તૈયાર ‘નેરેટિવ’ આપી દે છે. ભારતીય અને પાકિસ્તાની મીડિયામાં ટાંકવામાં આવેલા કેટલાક પાકિસ્તાની વિવેચકોએ ભારપૂર્વક કહ્યું છે કે તેમણે ક્યારેય 26/11 ની “ઉજવણી” કરી નથી અને તેઓ પોતે પણ તેમના પોતાના દેશની હિંસા ભોગવનારા તરીકે જુએ છે. જ્યારે બોલીવુડ પાકિસ્તાનીઓને હુમલાઓ પર ખુશ થતા બતાડતા દ્રશ્યો ઉપજાવી કાઢે છે, ત્યારે તે પાકિસ્તાનના શાસકોને એક તક આપે છે કે તેઓ ભારતીય ચિંતાઓને પાયાવિહોણી ગણાવીને ફગાવીને મિલિટન્ટ નેટવર્ક્સની ભૂમિકાને સંબોધવાનું નેવે મૂકી દે.

આવી ફિલ્મો આપણને આત્મનિરીક્ષણ કરવાથી રોકે છે. 26/11 નું એક ન ગમે એવું પાસું ભારતની પોતાની સંસ્થાકીય નિષ્ફળતા છે. NSG નું મોડું પહોંચવું, નબળી દરિયાઈ સુરક્ષા, અવગણવામાં આવેલી ચેતવણીઓ. જે ફિલ્મો ડોક્યુમેન્ટ કરાયેલી આંતરિક ખામીઓને બદલે કાલ્પનિક વિદેશી ખલનાયકોને પસંદ કરે છે, તે એ આત્મ-પરીક્ષણને અટકાવવાનું જોખમ ઉભું કરે છે જે રાષ્ટ્રીય મનોબળને મજબૂત બનાવવા માટે જરૂરી છે..

**બોલિવૂડ દાયકાઓથી દેશભક્તિવાળી ફિલ્મો બનાવી રહ્યું છે. અત્યારે જે સામે આવી રહ્યું છે તે કંઈક અલગ અને વધુ ચિંતાજનક છેઃ રાષ્ટ્રીય સત્ય તરીકે માર્કેટિંગ કરવામાં આવતી કાલ્પનિક કથાઓમાં વાસ્તવિક ભૂગોળ અને વાસ્તવિક આઘાતજનક ઘટનાઓને ભેળવી તેનો મલાજો રાખવામાં નિષ્ફળ જવું**



ધુરંધર ફિલ્મના મામલે જે થયું છે તે માત્ર ભારત પૂરતું સીમિત નથી. દુનિયાભરમાં, રાજકીય મનોરંજન હવે તથ્યપૂર્ણ સત્યને બદલે ભાવનાત્મક સત્યને પ્રાધાન્ય આપતું થયું છે. અમેરિકામાં ચૂંટણી પ્રચારમાં વાસ્તવિક ફૂટેજ અને AI-જનરેટેડ ઈમેજીસનું મિશ્રણ સામાન્ય બની ગયું છે. યુરોપ અને મધ્ય પૂર્વમાં ઐતિહાસિક નાટકો વર્તમાન રાજકીય નેરેટિવને અનુકૂળ બનાવવા માટે ઘટનાઓ ફરીથી લખી રહ્યા છે.

સિનેમાએ સંપૂર્ણપણે સચોટ હોવાની જરૂર નથી. પરંતુ જ્યારે તે આઘાતનું એ રીતે કાલ્પનિકરણ કરે છે કે જે વાસ્તવિક ઈતિહાસને જ ભૂંસી નાખે, ત્યારે વાર્તા કહેવી અને ગેરમાર્ગે દોરવું (disinformation) વચ્ચેની રેખા ભયજનક રીતે ઝાંખી બની જાય છે.

તો બહેતર સિનેમા કેવું હોઈ શકે? પાકિસ્તાનની થ્રિલર વાર (2013), તેના ભારેખમ સંવાદો છતાં, ભૌગોલિક તર્કની સીમામાં રહી હતી. ભારતની અ વેડનસડે! (2008) ફિલ્મે અતિશયોક્તિ દ્વારા નહીં પરંતુ અસ્વસ્થ વાસ્તવિકતા દ્વારા તણાવ પેદા કર્યો હતો. બંને ફિલ્મોના મેકર્સને હતી કે દેખાડા કરતા વિશ્વસનીયતા વધુ શક્તિશાળી હોય છે.તેનાથી વિપરીત, ધુરંધર ઝીરો ડાર્ક થર્ટી જેવી ભવ્યતા સુધી પહોંચવાનો પ્રયાસ કરતી હોય તેમ લાગે છે, પરંતુ આવી વાર્તા જે ગંભીરતા (rigor) માંગે છે તે તેમાં નથી.

## બાય ધી વેઃ

ખરો પ્રશ્ન કોઈ એક ફિલ્મ વિશે નથી અંતે, ધુરંધર વિશેની ચર્ચા રણવીર સિંહના અભિનય કે આદિત્ય ધરના દિગ્દર્શન વિશે નથી. આ ચર્ચા એ વિશે છે કે સિનેમા રાષ્ટ્રીય સમજને કેવી રીતે આકાર આપે છે. શું દેશભક્તિ માટે ભૂગોળ બદલવી જરૂરી છે? શું રાષ્ટ્રીય ગૌરવ માટે ખલનાયકોની જરૂર છે? શું મનોરંજન માટે જટિલ અને પીડાદાયક ઇતિહાસને બદલી નાખવો જોઈએ? જો જવાબ ‘હા’ હોય, તો તેની ચૂકવવી પડતી કિંમત કલાત્મક નથી, સામાજિક છે. આપણે એક એવો સમાજ બની રહ્યા છીએ જેને રાજી રાખવો સરળ છે, અને તેથી ગેરમાર્ગે દોરવો પણ સરળ છે. સિનેમા પ્રેરણા આપી શકે છે. સિનેમા પડકારી શકે છે. પરંતુ જે સિનેમા ખોટો ઇતિહાસ શીખવે છે અને સામે પ્રેક્ષકોને તેને સલામ કરવાનું કહે છે, તે આપણી સત્ય પરની પકડને નબળી પાડે છે. કારણ કે જે રાષ્ટ્ર મનગમતી કલ્પનાઓને પસંદ કરે છે, તે છેવટે કડવા સત્યોનો સામનો કરવાની ક્ષમતા ગુમાવી બેસે છે. એક વાત તો એ પણ કરવી જોઈએ કે કાશ્મીર ફાઇલ્સ કે કેરલા સ્ટોરી કે બંગાલ ફાઇલ્સ કરતાં ધુરંધર ફિલ્મ સિનેમા મેકિંગમાં ચાર નહીં ચાળીસ ચાસણી ચડે એવી ફિલ્મ છે. જોનારાઓને મજા આવે જ, એડ્રિનાલિન રશ પણ થાય પણ કમનસીબે લોકો વાંચતા નથી, પોતાનું સત્ય શોધવાની તસ્દી નથી લેતા અને પછી માર્કેટિંગ અને વિચારધારાના વમળમાં ગોટે ચડી જઇને જે પીરસવામાં આવે તે બધું જ માની લે છે.

# જો સંયુક્ત પરિવારમાં બાંધછોડ કરવી પડતી હોય તો ભારત તો દુનિયાનો સૌથી મોટો સંયુક્ત પરિવાર છે

નો નોનસેન્સ

રમેશ ઓઝા


જાણીબૂજીને ખોટું બોલતા હોય, જે જાણીબૂજીને દુષ્પ્રચાર કરતા હોય, જેમને જૂઠનો સહારો લઈને કોઈને બદનામ કરવામાં શરમ કે સંકોચ ન થતો હોય એવા લોકોને સત્યનાં પ્રમાણો આપીને જ્ઞાન પીરસવાનો કોઈ અર્થ ખરો? જે લોકો જાણે છે કે આપણા નેતા ખોટું બોલીને કોઈને બદનામ કરી રહ્યા છે અને છતાં તેનું સમર્થન કરે અને દુષ્પ્રચાર તેમ જ ચારિત્ર્યહનનમાં ભાગીદાર બને એવા સમર્થકોને પણ જ્ઞાન પીરસવાનો કશો અર્થ ખરો? લોકસભામાં વંદે માતરમ્ ગીતની ૧૫૦મી જયંતિ પ્રસંગે બોલતા વડા પ્રધાને હંમેશ મુજબ નેહરુને ગાળો દીધી અને પછી ગૃહમાં સત્યનો સામનો ન કરવો પડે એ માટે ચાલી ગયા. આ પણ કોઈ નવી વાત નથી. બરાડા પાડીને, જાડા અભિનય સાથે ખોટું બોલીને ચાલી જનારાઓને પણ જ્ઞાન પીરસવાનો કોઈ અર્થ ખરો?

વડા પ્રધાન તો ચાલી ગયા, પણ એ પછી લોકસભામાં વંદે માતરમ્ પર ચર્ચા થઈ જેમાં જવાહરલાલ નેહરુના જ વંશજ પ્રિયંકા ગાંધી મેદાન મારી ગયાં. તેમણે પ્રમાણો સાથે, મૂળ પત્રો અને મિનીટ્સ ટાંકીને, વંદે માતરમ્ ને ટૂંકાવવાનો નિર્ણય લેનારાઓના નામ આપીને અને એ નિર્ણય કોઈ પણ પ્રકારના ભિન્ન સૂર વિના સર્વાનુમતે લેવાયો હતો તેનું પ્રમાણ આપીને કોઈ પ્રગલ્ભ સંસદસભ્યને છાજે એવો જવાબ આપ્યો. પણ એમાં રસ કોને હતો? ન એ બોલનારાને અજ્ઞાન દૂર કરવામાં રસ છે કે નથી તેના સમર્થકોને. તેઓ આ બધું જાણીબૂજીને કરે છે. પાથીએ પાથીએ તેલ રેડો તો પણ તેઓ એ જ કરવાના છે જે કરી રહ્યા છે.

અહીં એક પ્રશ્ન વિચારવા જેવો છે. 1885 માં જ્યારે કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારે દેશના કેવા કેવા દિગ્ગજોએ આગળ આવીને કોંગ્રેસની સ્થાપના કરી હતી? 19મી સદીના લગભગ તમામ મહાન નેતાઓએ તેમાં ભાગ લીધો હતો. મુસ્લમાનો, બહુજન સમાજ, સીખો અને બીજા કેટલાક સમાજના નેતાઓના મનમાં થોડીક શંકાકુશંકા હતી તો તે દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની સ્થાપના થઈ એ પછીનાં ત્રણ દાયકામાં દેશના કેવા કેવા મહાપુરુષો તેમાં જોડાયા હતા. એ સમયના કોઈ પણ મહાપુરુષનું નામ બોલો અને તેમનો કોંગ્રેસ સાથેનો સંબંધ જોવા મળશે. 1915માં ગાંધીજીના આગમન પછી કોંગ્રેસે કેવા કેવા મહાપુરુષોને પેદા કર્યા એ તરફ પણ નજર કરો. જો ગણવા બેસશો તો ઓછામાં ઓછા દસ હજાર પ્રતાપી પુરુષોનો કોંગ્રેસનો સંગાથ હતો. દરેક વર્ગના, દરેક સમાજના, દરેક પ્રદેશના, દરેક ભાષાના દિગ્ગજો કોંગ્રેસમાં હતા. સાહિત્યકારો અને કલાકારો પણ. કોંગ્રેસ તો રાષ્ટ્રીય સંસ્થા હતી, આપણે પૂર્વ ભારતના એક ખૂણે સ્થપાયેલી શાંતિનિકેતન નામની સંસ્થાની વાત કરીએ. એક વ્યક્તિએ સ્થાપેલી નાનકડી સંસ્થા. એમાં કેવા કેવા દિગ્ગજો જોડાયા અને તેણે કેવા કેવા દિગ્ગજો પેદા કર્યા? ક્ષિતિમોહન સેન, અમર્ત્ય સેન, નંદલાલ બોઝ, હજારી પ્રસાદ દ્વિવેદી, બલરાજ સાહની જેવા સોએક નામ હું વગર પ્રયાસે ગણાવી શકું.

હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાત કરીએ જેની શતાબ્દી ઉજવવામાં આવી રહી છે. તેની સ્થાપનામાં કોણ મહાપુરુષો હતા? 2010 સુધી અંદાજે 80 ટકા ભારતીય પ્રજાએ તેમનાં નામ પણ નહોતાં સાંભળ્યાં. સંઘની સ્થાપના પછી એવા કોણ દિગ્ગજ હતા જે તેમાં જોડાયા? અને ત્રીજો સવાલ, સંઘે કેટલા પ્રતાપી પુરુષોને પેદા કર્યા જેનું જે તે ક્ષેત્રમાં અવ્વલ દરજ્જાનું યોગદાન હોય? સો વરસ એ કોઈ નાનોસૂનો સમયગાળો નથી. શાંતિનિકેતન નામની નાનકડી સંસ્થા સો મેધાવી મહાપુરુષને જોડી શકે કે પેદા કરી શકે અને આ ધરતી પરનું સૌથી વિરાટ સંગઠન એક પણ દિગ્ગજને આકર્ષી ન શકે કે ન પેદા કરી શકે ત્યારે વિચારવું જોઈએ કે આ જે ફરક છે એ શેનો ફરક છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ શરૂઆતના ચાર દાયકા એક લચીલા પ્લેટફોર્મના સ્વરૂપમાં હતી, તેનું સંઘ જેવું ચુસ્ત સંગઠન પણ નહોતું. તેનાં દેશભરમાં સર્વત્ર કાર્યાલય નહોતાં કે પૂર્ણકાલીન કાર્યકર્તા નહોતા. દાયકાઓ સુધી કોંગ્રેસનું વડુંમથક અલ્હાબાદમાં મોતીલાલ નેહરુના મકાન આનંદભવનમાં હતું.

તો સાહેબ, મૂળભૂત ફરક આ છે અને એ ફરક છે સપનાંનો અને એજન્ડાનો. ૧૯મી સદીમાં જે લોકોએ કોંગ્રેસની સ્થાપના કરી એ લોકો ભારત વિષેનું સપનું જોનારા લોકો હતા. એ સપનું એકંદરે એક સમાન હતું, પણ એક સરખું નહોતું. મતભેદ હતા, થોડીક શંકાઓ હતી, અલગ અલગ બાબતો પર વિશેષ ભાર આપવામાં આવતો હતો, થોડા આગ્રહો પણ હતા. ત્યારે દરેકને એક વાત સમજાતી હતી કે આઝાદ અને આધુનિક ભારતનું સપનું સાકાર કરવું હોય તો સહિયારાપણું જોઈએ અને સહિયારાપણા માટે થોડી બાંધછોડ કરવી જોઈએ, બીજાને સાંભળવા જોઈએ. સહિષ્ણુતા જોઈએ. છેક ૧૯મી સદીમાં, જવાહરલાલ નેહરુ હજુ છ વરસના બાળક હતા ત્યારે વંદે માતરમ્ ગીતના માત્ર પહેલા બે અંતરા ગાવાનો નિર્ણય લેવાયો હતો. એ નિર્ણય ઠરાવ રૂપે નહોતો, વ્યવહારમાં હતો. બીજું બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયએ મૂળમાં બે અંતરા જ લખ્યા હતા જેને પાછળથી વિસ્તારવામાં આવ્યા હતા. માત્ર બે જ અંતરા લેવા પાછળનું કારણ એ હતું કે વિસ્તારવામાં આવેલું ગીત હિંદુ સાંપ્રદાયિક છે, ગાવામાં મુશ્કેલ છે, ઉચ્ચાર કરવામાં તકલીફ પડે અને મોઢું ભરાઈ જાય એવા ભારેખમ સંસ્કૃત શબ્દો તેમાં છે અને શબ્દકોશની સહાય વિના સમજવું અઘરું છે. આખું ગીત લોકપ્રિય થઈ શકે એવું છે જ નહીં. થયું પણ નથી. તેની સાંપ્રદાયિકતાને કારણે મુસલમાનોનો વિરોધ હતો અને તેની સંસ્કૃતપ્રચુરતાને કારણે બહુજન સમાજનો વિરોધ હતો. એ લોકો તો આધુનિક ભારતનું સપનું જોનારા લોકો હતા અને સપનું સાકાર કરવાની પ્રતિબદ્ધતા ધરાવનારા ઈમાનદાર લોકો હતા એટલે દૂરાગ્રહ નહોતો કર્યો. સમાધાનો કરતા હતા, સંમતી બનાવતા હતા અને આગળ વધતા હતા.



**ત્યારે દરેકને એક વાત સમજાતી હતી કે આઝાદ અને આધુનિક ભારતનું સપનું સાકાર કરવું હોય તો સહિયારાપણું જોઈએ અને સહિયારાપણા માટે થોડી બાંધછોડ કરવી જોઈએ, બીજાને સાંભળવા જોઈએ. સહિષ્ણુતા જોઈએ**

તેમણે માત્ર વંદે માતરમની બાબતે સમાધાન નથી કર્યું (જો એ સમાધાન લાગતું હોય તો) બીજી અનેક બાબતે સમાધાન કર્યાં છે. છેક 1885 થી 1949ના નવેમ્બર મહિનામાં બંધારણ મંજુર રાખવામાં આવ્યું ત્યાં સુધી કોંગ્રેસના નેતાઓ સમાધાનો કરતા આવ્યા છે. કોંગ્રેસીઓએ આપસ આપસમાં સમાધાનો કર્યાં છે. ભાષાકીય પ્રાંત-રચના આનું એક ઉદાહરણ છે. 1885 થી 1949 સુધી તેમણે કરેલાં સમાધાનોનાં કમસેકમ સો ઉદાહરણ હું આપી શકું એમ છું જો સંઘને જરૂર હોય તો. ગાળો આપવા માટે, બદનક્ષી કરવા માટે, ચારિત્ર્યહનન કરવા માટે, રાઈનો પર્વત કરવા માટે કામ આવશે. જો સંયુક્ત પરિવારમાં બાંધછોડ કરવી પડતી હોય તો ભારત તો દુનિયાનો સૌથી મોટો સંયુક્ત પરિવાર છે. બાંધછોડ શબ્દ જ સૂચવે છે એમ એમાં બે કે બે કરતા વધુ પક્ષ હોય છે. એક મેળવે છે (બાંધે છે) અને એક છોડે છે. દરેકની સંતુષ્ટિ અને આગળ વધવા માટે સંમતી કેન્દ્રમાં છે.

પોતાના ભાષણમાં પ્રિયંકા ગાંધીએ યોગ્ય કહ્યું છે કે ચાલો આપણે એક વાર સંસદમાં ચાલીસ-પચાસ કલાક બેસી જઈએ જેમાં તમારે કોંગ્રેસની, ગાંધીજીની, નેહરુની, ઈન્દિરા ગાંધીની, રાજીવ ગાંધીની, નેહરુ પરિવાર અને પરિવાદવાદની, કોંગ્રેસીઓની જેટલી નિંદા કરવી હોય, ગાળો દેવી હોય, બદનામી કરવી હોય, ઠઠ્ઠા કરવી હોય એ કરી લો, પેટ ભરીને કરી લો, કશું ન બચે ત્યાં સુધી કરી લો પણ એ પછી માત્ર અને માત્ર વર્તમાનની વાત કરવાની. પણ એ લોકો વર્તમાનમાં નહીં આવે, કારણ કે તેમની પાસે ભારત વિશેનું કોઈ સપનું નથી એજન્ડા છે. સપનામાં અને એજન્ડામાં શું ફરક હોય છે એની વાત હવે પછી.

## સિલી પોઇંટ

